વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

અનુરાધા જયોતિન્દ્ર મહેતા
(૧૯૪૬) ફોન. ૨૩૨ ૨૭૫૪૮

કુંજબાળાબેન ગુણવંતલાલ શાહ
(૧૯૪૪) ફોન. ૨૩૨ ૪૪૧૪૫

પ્રફુલ્લાબેન કિર્તીકુમાર શાહ
(૧૯૫૧) ફોન. ૨૩૬ ૦૦૨૩૩

ગુજરાતના નવ તાલુકામાં એક ઈંચ વરસાદ

પારડીમાં બે ઈંચ વરસાદ : ઉમરપાડામાં ૪૧, કપરાડામાં ૩૪, વ્યારામાં ૩૯ મીમી વર્ષા : અમદાવાદમાં ઈંતજાર

અમદાવાદ, તા.૯

રાજયમાં આજે દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. રાજયમાં અત્યાર સુધીમાં સરેરાશ ૯.૩ ટકા જેટલો વરસાદ થયો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. જોકે અમદાવાદમાં વરસાદે વિરામ રાખ્યો હતો.

અમદાવાદમાં દિવસ દરમિયાન આજે આકાશ વાદળછાયું રહ્યું હતું અને હવામાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉકળાટ વધારે અનુભવાતો હતો. પરંતુ વરસાદ ન પડતા લોકો નિરાશ થયા હતા. રાજયમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વલસાડ જિલ્લાના પારડીમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે અન્ય નવ તાલુકામાં એક ઈંચ કે તેથી વધુ વરસાદ વરસ્યાના અહેવાલો છે. જેમાં કપરાડા ૩૪મીમી, નવસારી ૨૬ મીમી, ઉમરપાડા ૪૧ મીમી, માંગરોળ ૨૬ મીમી, મહુવા ૨૧ મીમી, કામરેજ ૨૮ મીમી, વ્યારા ૩૯ મીમી, સોનગઢ ૨૯ મીમી અને સાગબારા ૨૩ મીમી જેટલો એટલે કે એક ઈંચ કે તેથી વધુ વરસાદ થયો છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન રાણાવાવ, ડેડીયાપાડા, નાંદોદ, તિલકવાડા, ઉચ્છલ, વાલોડ, બારડોલી, માંડવી(સુરત) ઓલપાડ, સુરતસીટી, જલાલપોર, વાંસદા, ધરમપુર, ઉમરગામ, વલસાડ અને ડાંગમાં અર્ધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજયના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૯ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૫ ટકા નોંધાયુ હતું.

સાબરકાંઠા જિલ્લા ઑટો રીક્ષા ઍસોસિએશન દ્વારા માર્ગ સલામતી સપ્તાહના ભાગરૂપે રીક્ષાચાલકો માટે સુરક્ષિત વાહન ચાલન અંગેના માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ અધિકારીઓ દ્વારા આ અંગે રીક્ષાચાલકોને સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણમાં ભાગ લેવા અંગે ફક્ત અનુસૂચિત જાતિના યુવક યુવતીઓ જોગ

ગાંધીનગર, તા. ૯

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદાવાળા ફક્ત અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/બિનવિદ્યાર્થી યુવક-યુવતીઓને સાગરકાંઠા વિસ્તારના સાહસિક પ્રવાસમાં ભાગ લેવાની તક આપી પ્રોત્સાહિત કરવા રાજયસરકારના કમિશનર, યેુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે સરકારશ્રીના ખર્ચે સાગરકાંઠા વિસ્તાર પરિભરમણ કાર્યક્રમ સંભવતઃ ઓગષ્ટ-૨૦૧૨માં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

માત્ર અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ કે જેઓ તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી તા. ૩૧-૭-૨૦૧૨ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, ૧/૩, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢની કચેરીને મોકલી આપવાની રહેશે.

ગુજરાતમાં આત્મહત્યાની સંખ્યામાં નોંધપાત્ર વધારો

પ્રેમ પ્રકરણના કારણે આત્મહત્યાની સંખ્યામાં પણ વધારો નોંધાયો : આત્મહત્યાનો રેટ ગુજરાતમાં ૧૦.૬ : રિપોર્ટ

અમદાવાદ, તા. ૯

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના નવેસરના અહેવાલમાં ગુજરાતના આત્મહત્યાના મામલામાં ઊંડી ચકાસણી કરાયા બાદ કેટલીક ચોંકાવનારી બાબત સપાટી ઉપર આવી છે. આમા એમ પણ જાણવા મળ્યું છે કે પુરુષો મોટાભાગે હતાશામાં અથવા તો અન્ય કારણોસર આત્મહત્યા કરી રહ્યા છે. એક્સીડેન્ટલ ડેથ એન્ડ સુસાઈડ ઈન ઈન્ડિયા (એડીએસઆઈ) ૨૦૧૧ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં આત્મહત્યાની સંખ્યા ૨૦૧૧માં વધી છે. વર્ષ ૨૦૧૦માં ૬૨૦૭ લોકોએ આત્મહત્યા કરી હતી જેની સરખામણીમાં ૨૦૧૧માં ૬૩૮૨ લોકોએ આત્મહત્યા કરી છે. આત્મહત્યાના મામલામાં પ્રેમ પ્રકરણના કારણે આત્મહત્યા કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. આ સંખ્યા ગયા વર્ષે ૧૮૦ હતી જે વધીને હવે ૨૨૬ થઈ છે. આમા મોટાભાગની વય ૩૦ વર્ષ કરતા ઓછી આંકવામાં આવી છે. રાષ્ટ્રીય રીતે આત્મહત્યાનો રેટ પ્રતિ ૧ લાખની વસ્તી સામે ૧૧.૨ છે. જ્યારે ગુજરાતમાં આ રેટ ૧૦.૬ છે. વડોદરામાં ગયા વર્ષે ૧૯૩ લોકોએ આત્મહત્યા કરી હતી. વડોદરા સિવાય ગુજરાતના અન્ય તમામ મોટા શહેરોમાં દરરોજ એક કરતા વધુ આત્મહત્યાના કેસ બની રહ્યા છે. અમદાવાદ અને રાજકોટમાં કેટલાક ચોંકાવનારા કિસ્સા પણ સપાટી ઉપર આવ્યા છે.

અમદાવાદમાં ૪૭૦ની આત્મહત્યા : ગુજરાતમાં ૨૦૧૧માં ૬૩૮૨ની આત્મહત્યા

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૧માં ૬૩૮૨ લોકોએ આત્મહત્યા કરી હતી જ્યારે વર્ષ ૨૦૧૦માં ૬૨૦૭ લોકોએ આત્મહત્યા કરી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના આંકડા પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. વર્ષ ૨૦૧૧માં અને ૨૦૧૦માં આત્મહત્યાના કિસ્સાઓનો આંકડો નીચે મુજબ છે.

શહેર	૨૦૧૧	૨૦૧૦
અમદાવાદ	૪૭૦	૪૬૪
રાજકોટ	૩૯૦	૩૮૫
સુરત	૫૨૨	૪૫૯
વડોદરા	૧૯૩	૧૫૪
ગુજરાત	૬૩૮૨	૬૨૦૭

પત્નીની આત્મહત્યામાં સુરત દેશમાં બીજા ક્રમે

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા વર્ષ ૨૦૧૧ના એક્સીડેન્ટલ ડેથ એન્ડ સુસાઈડ નામથી પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતના ડાયમંડ સિટી ગણાતા સુરત ઉપર પણ કલંકની સ્થિતિ દેખાઈ રહી છે. ગુજરાતના સુરતમાં પત્નીઓ દ્વારા આત્મહત્યા વધુ કરવામાં આવી છે. પત્નીઓ દ્વારા આત્મહત્યાના કેસમાં સુરત દેશમાં બીજા ક્રમે આવી છે. એનઆરસીબીના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૧ના આંકડા મુજબ સુરતમાં ૧૫૯ પત્નીઓએ આત્મહત્યા કરી હતી જ્યારે કાનપુરમાં ૨૮૭ પત્નીઓએ આત્મહત્યા કરી હતી. દેશમાં નોન મેટ્રો સેન્ટરોમાં પત્નીઓ દ્વારા આત્મહત્યાના કિસ્સાઓમાં સતત વધારો થયો છે. સુરતમાં ૫૨૨ આત્મહત્યા ૨૦૧૧માં થઈ હતી જે પૈકી ૩૧ ટકા પત્નીઓ હતી જ્યારે રાજકોટમાં ૩૯૦ લોકોએ આત્મહત્યા કરી હતી જે પૈકી ૯૯ પત્નીઓ હતી. અમદાવાદ અને વડોદરા પાછળ નથી. અમદાવાદ અને વડોદરા ક્રમશ ત્રીજા અને ચોથા ક્રમે છે. અમદાવાદમાં વર્ષ ૨૦૧૧માં ૪૭૦ લોકોએ આત્મહત્યા કરી હતી જે પૈકી ૫૯ પત્નીઓ હતી. વડોદરામાં ૧૯૩ લોકોએ આત્મહત્યા કરી હતી જે પૈકી ૫૬ કેસ પત્નીઓની આત્મહત્યાના હતા. ભોગ બનનારી સરેરાશ વય ૨૦થી ૪૫ વર્ષની હતી.

ગરીબીના કારણે પણ આત્મહત્યા કરનારાઓની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. આ સંખ્યા વધીને ૧૦૧ ઉપર પહોંચી છે જ્યારે બેરોજગારીના કારણે આત્મહત્યા કરનારાઓની સંખ્યા પગારદાર વર્ગ, પ્રોફેશનલ લોકોમાં પણ આત્મહત્યાના કેસ નોંધાયા છે. પરિણીત લોકોની આત્મહત્યાના મામલામાં સુરત પ્રથમ છે. સુરતમાં પરિણીત લોકોમાં આત્મહત્યાના ૩૪૯ બનાવ બન્યા છે.

એલિસબ્રિજમાં પોલીસના ત્રાસથી યુવાનનો આપઘાત

પેટ્રોલ છાંટી આત્મહત્યા કરી લીધી : એલિસબ્રિજ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરતા તંગદીલી : તપાસ કરવાની ખાતરી

અમદાવાદ, તા.૯

પોલીસના માનસિક ત્રાસથી એક મજબુર યુવાને સળગી જઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાને પગલે એલિસબ્રિજના સુખીપુરા વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે. ઘટનાની વિગત એવી છે કે, એલિસબ્રિજ વિસ્તારમાં વસંતકુંજ પાછળ આવેલ સુખીપુરામાં રહેતો પ્રેમજી ગગનજી જીતીયા નામનો ૨૬ વર્ષીય યુવાને પોતાના શરીર પર પેટ્રોલ છાંટી આત્મહત્યા કરતાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. પ્રેમજી લેબર કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે તેની સાઈટ પર આવતો એક મજૂર વેજલપુર વિસ્તાર નીરહીશ એક છોકરીને ઉઠાવી નાસી ગયો હતો. આ અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં કોન્સ્ટેબલે વારંવાર બોલીવી યુવતી અને યુવકનો પત્તો આપવા દબાણ કરતાં પ્રેમજી ગભરાઈ ગયો હતો. અને વારંવાર પોલીસ દ્વારા દબાણ થતાં પ્રેમજીએ આખરે કંટાળી જઈ આત્મહત્યા કરી હતી. આ ઘટનાને પગલે સુખીપુરાના ૫૦૦ લોકોએ પોલીસના ત્રાસ સામે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ એલિસબ્રિજ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા અને બાદમાં અધિકારીઓએ તપાસ કરવા બાંહેધરી આપી હતી.

જીસીએનું રાજકારણ ગુજરાત યુનિવર્સિટી સુધી પહોંચી ગયું

અમદાવાદ, તા.૯

ગુજરાત ક્રિકેટ એસોસિએશન (જીસીએ)માં ગુજરાત યુનિવર્સિટીના સભ્યપદે ગુજ. યુનિ.ના પૂર્વ કુલપતિએ કલબની એજીએમને જાણ કર્યા વગર પોતાના અનુગામી કાર્યકારી કુલપતિને હોદ્દાની રૂએ જીસીએના સભ્યપદનો ચાર્જ સોંપ્યા હોવાની જાણ છેક હવે થતાં આજે કોંગ્રેસ પ્રેરીત સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

આમ જીસીએના એક વોટના રાજકારણને લીધે ગુજ.યુનિ. રાજકીય અખાડામાં ફેરવાઈ ગઈ હતી. ગુજરાત યુનિવર્સિટીમાં કોઈપણ જાતની નોંધણી કે બંધારણ વગર ગુજ.યુનિ. સ્ટાફ સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન કલબ ચાલે છે. ગુજરાત ક્રિકેટ એસોસીએશન તરફથી આ કલબને સભ્ય બનાવી તેના પ્રમુખને સભ્ય બનાવી જેતે સમય મતદાર તરીકેની સત્તા સોંપવામાં આવી હતી. ગુજ. યુનિ.ની આ કલબના પ્રમુખ તરીકે ગત વર્ષે ડો. પરિમલભાઈ ત્રિવેદી ચૂંટાયા હતા.

આ હોદ્દાની રૂએ તેમને જીસીએનું પણ સભ્યપદ મળ્યું હતું. જીસીએમાં એક-એક વોટનું મહત્વ હોઈ ગુજ.યુનિ. કલબના આ વોટનું પણ ઘણું મહત્વ છે. બીજી બાજુ ગુજ.યુનિ.ના કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીએ ૨૬મી જૂને નિવૃત્તના હોદ્દાની રૂએ કાર્યકારી કુલપતિ ડો. મુકુલભાઈ શાહને કલબના પ્રમુખ બનાવી દીધા હતા.

કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીએ નિયમ મુજબ કલબની કારોબારીની બેઠકમાં જાણ કર્યા વગર જ કાર્યકારી કુલપતિને કલબના પ્રમુખ બનાવ્યાની વાત બહાર આવતા કોંગ્રેસ પ્રેરીત સભ્યોએ આજે કાર્યકારી કુલપતિની ચેમ્બરની અંદર કાર્યકરોની સાથે ઘેરાવ કર્યો હતો અને તાત્કાલિક એજીએમ બોલાવા જણાવ્યું હતું. આમ જીસીએના એક વોટનું રાજકારણ ગુજ.યુનિ. સુધી પહોંચી જતાં ગુજ.યુનિ. રાજકીય અખાડામાં રૂપાંતર થઈ ગઈ હતી.

શબ્દાવલી - ૪૭૮૩



આડી ચાવી

૧. મુદ્દત આપવી, ... આપવી (૪)
૪. નક્કી કરવું, રોગનું... કરવું (૩)
૭. જીતનું વિરોધી (૨)
૮. ટપ-ટપથી નહિ... થી મતલબ (૨)
૧૦. વિષ (૨)
૧૧. નમેલુ, ... મસ્તક (૨)
૧૨. અજંપો, સતપત (૪)
૧૪. હિંમત (૨)
૧૬. પાણીનો નળ (૩)
૧૮. મર્યાદા, લાજ (૪)
૨૦. શરીર, ચંગ (૨)
૨૨. ઘટના, પ્રસંગ (૪)
૨૪. કવ્વાલ... ગાય છે (૩)
૨૫. લાફો, લપાટ (૪)

ઊભી ચાવી

૧. મોટા, આપણા દેશમાં ઘણાં... માણસો થઈ ગયા (૨)
૩. આશરે, લગભગ (૪)
૫. મિજબાની, જમણવાર (૩)
૬. આંગળીથી... વેગળા (૨)
૯. તમને અને... બન્નેને મળે (૨)
૧૩. તુચ્છ, હલકું (૩)
૧૪. લલ્લું પંજુ (૫)
૧૫. મુખ, ચહેરો (૩)
૧૬. ... ઝરવી, ઝગડો થવો (૪)
૧૭. હાથ, હસ્ત (૨)
૧૮. મડદા જેવું (૪)
૧૯. જ્ઞાતિ, નાત (૨)
૨૩. તપસ્યા, સાધના (૨)

શબ્દાવલી ૪૭૮૨ના જવાબ

આડી ચાવી :- (૧) આપઘાત (૬) રાવટી (૭) કપ (૮) ધન (૯) ચમરબંધી (૧૧) અમર (૧૨) સુમન (૧૩) રીયાજ (૧૫) વખાર (૧૭) રમા (૧૮) જકાત (૧૯) માજી (૨૧) નરી (૨૨) જડભરત

ઊભી ચાવી :- (૧) આરાધના (૨) પવન (૩) ઘાટી (૪) કોપર (૫) પારધી (૭) કમર (૯) ચમન (૧૦) બંધીયાર (૧૧) અમરત (૧૨) સુખાકારી (૧૪) જમાનત (૧૫) વજન (૧૬) કમાડ (૨૦) જીભ

સમાચાર ઝલક

- હરિયાળાના પૂર્વે ડી.આઈ.જી. પર યૌનશૌષણનો આક્ષેપ મુકનાર મહિલા ન્યાય માટે મક્કમ.
- ઉત્તર પ્રદેશની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો વિજય ડંકો, કોંગ્રેસ સ્તબ્ધ.
- ટીમ અણ્ણાને ઉપવાસ માટે જંતર-મંતરની જગ્યા માટે આખરે મંજૂરી.
- અંબાજીમાં માતાજીના મંદિરમાં વી.આઈ.પી. પાસની પ્રથા તાત્કાલિક બંધ, પિતાંબર ધારી બ્રાહ્મણો જ પાવડી પૂજા કરી શકશે, તે સિવાય ગર્ભગૃહમાં પ્રવેશ માટે મનાઈ.
- મેટ્રો ટેનમાં યાત્રા કરનાર દેશના પ્રથમ રાષ્ટ્રપતિ પ્રતિભા દેવીસિંહ પાટીલ.
- ઓબામાને પોતાના રેસ્ટોરન્ટમાં નાસ્તો કરાવી વેઇટર મૃત્યુ પામી.
- અમેરિકામાં અસહ્ય ગરમી - લૂ નાં પ્રકોપથી લોકોના મોત.
- લંડનમાં અવિરત વરસાદ, રશિયામાં પૂરે હાહાકાર સર્જ્યો.
- ગીર જશાધાર રેન્જમાં સર્વદંશથી ૬ વર્ષની સિંહણનું મોત.
- અબુધાબીથી દિલ્હી આવતાં એર કંડિયાનું વિમાનનું પાકિસ્તાનમાં ફરિજયાત ઉત્તરાણ, તમામ ઉતારૂં સલામત.
- ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારી માટે ચૂંટણી કમિશ્નરશ્રી ગુજરાતની મુલાકાતે.
- મહારાષ્ટ્ર વિધાનસભામાં આદેશ સોસાયટી મામલે હોબાળો.
- ઓરિસ્સામાં હાદસા ગામે શાળાની દિવાલ ધસી પડતાં ૮ બાળકો જખ્મી.
- ફિલ્મ અભિનેતા સંસદ સભ્ય શ્રી શત્રુઘ્નસિંહા હોસ્પિટલમાં આઇ.સી.યુનિટમાં દાખલ કરાયા.
- સંજય જોષીને મોતની ધમકી મળી.
- અમરનાથ યાત્રા દરમિયાન અત્યાર સુધી ૪૭ નાં વિવિધ કારણોસર મૃત્યુ પામ્યા.

પંચ પ્રતિબદ્ધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું કે રાજકીય પક્ષોને પણ આ અંગે સંપૂર્ણ વાકેફ કરવામાં આવ્યા છે. આખરી પ્રસિધ્ધિ પહેલાં પણ પક્ષોના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવશે.

મુકત અને ન્યાયી ચૂંટણી માટે બે નંબરી નાણાંની હેરફેર ના થાય તે માટે પંચ બાજ નજર રાખશે. આ માટે ઈન્કમટેક્ષના અધિકારીઓની પણ મદદ લેવાશે. શ્રી સંપટે કહ્યું હતું કે વેપારીઓને ખોટી કનડગત ના થાય તે માટેની પુરેપુરી કાળજી પંચ દ્વારા લેવામાં આવશે.

શ્રી સંપટે જણાવ્યું હતું કે ગુજરાતમાં આચાર સંહિતાના અમલ સહિત ખર્ચ મોનીટરીંગ અને ચૂંટણી વિષયક કામગીરી માટે ઘણા બધા કર્મચારીઓની જરૂર પડશે તે માટે ગુજરાતના સી.ઈ.ઓ. દ્વારા અલગથી કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે અન્ય સાહસો અને કચેરીઓમાંથી કર્મચારીઓની સેવાઓ લેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે પંચે પહેલીવાર ચૂંટણી વિષયક કામગીરીમાં તાલિમને પણ વધુ મહત્વ આપ્યું છે. પોલીસ કર્મચારી સહિત સૌ કર્મચારીઓને ચૂંટણી માટે અલગથી તાલિમ આપવામાં આવશે અને આ તાલિમ પણ ચૂંટણી જાહેર થતાં જ શરૂ કરવામાં આવશે.

ગુજરાતમાં ચૂંટણીઓ વહેલી યોજાશે? કે પછી ઉત્સવો દરમિયાન યોજાશે? એક જ તબક્કામાં યોજાશે? જેવા પ્રશ્નોના ઉત્તર ટાળતાં તેમણે એવો સંકેત આપ્યો હતો કે ચૂંટણીનો કાર્યક્રમ નિયત કરતાં પૂર્વે લોકોની ભાવનાઓને પણ ધ્યાને લેવામાં આવશે તેમજ ચૂંટણીની તારીખો કઈ નક્કી થશે તે અત્યારે કેવી રીતે કહી શકાય.

શ્રી સંપટે જણાવ્યું હતું કે આ મુદ્દે રાજકીય પક્ષોએ પણ રજુઆત જરૂર કરી છે. જિલ્લા કક્ષાએ તેમજ રાજયકક્ષાએ અપાતા જાહેરાત સ્વરૂપના સમાચારો, દારૂની હેરફેર જેવા દૂષણો સામે પગલાં લેવા માટે પંચે પૂરતી તૈયારીઓ કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

અસામાજિક તત્ત્વો સામે પણ કડકાઈથી કામ લેવામાં આવશે અને આ માટે પણ જરૂરી સૂચનાઓ આજની બેઠકમાં આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે તંત્ર નિષ્પક્ષ બની કામ કરશે એમાં કોઈ બેમત નથી.

ગુજરાતમાં ચાલી રહેલી તૈયારીઓ અંગે ખુશી અને સંતોષ વ્યકત કરતાં શ્રી સંપટે જણાવ્યું હતું કે ૯૫ થી ૯૮ ટકા સુધી મતદારો એપિક કાર્ડ ધરાવે છે. નવા નોંધાયેલા મતદારોને પણ ઝડપથી એપિક કાર્ડ ઉપલબ્ધ બને તે જોવા માટે અધિકારીઓને આજે જ સૂચનાઓ આપવામાં આવી છે.

૧૮ થી ૨૦ વર્ષની આયુ જૂથના મતદારોની નોંધણીમાં પણ નોંધનીય કામગીરી થઈ હોવા અંગે તેમણે પ્રસન્નતા વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું કે ૭૫ ટકા સુધી આ આયુ જૂથના મતદારોને આવરી લેવાનો લક્ષ્યાંક હતો તેમાં ૨૫ ટકાથી ૫૫ ટકા સુધી આવી લેવામાં સફળ થયા છીએ જે એક સારી સિધ્ધિ છે.

શ્રી સંપટે કહ્યું હતું કે ગુજરાતમાં વિધાનસભાની મુદત જાન્યુઆરી ૨૦૧૩માં પૂર્ણ થાય છે અને પંચ તેના છ થી સાત મહિના પહેલાં તૈયારીઓ શરૂ કરતું હોય છે. પંચની આ પહેલી મુલાકાત છે જેમાં તૈયારીની સમીક્ષા એ મહત્વની બાબત હતી.

એક તબક્કામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોય તે રીતે કામગીરી બજાવતા હોય છે તેમને ચૂંટણીની કામગીરીથી દૂર કરવા જોઈએ.

પ્રતિનિધિમંડળે કહ્યું હતું કે માણસાની પેટા ચૂંટણીમાં મતદારોને ચૂંટણી પંચે ફોટોવાળી મતદાર રીસીપ્ટ આપી હતી તેમ વિધાનસભાની ચૂંટણીમાં પણ આપવી જોઈએ. અમદાવાદના રિવરફ્રંટના ઝૂંપડાને હટાવ્યા છે તેથી તે મતદારો વંચિત ન રહે તે ચૂંટણી પંચે જોવું પડશે. પંચે એ પણ જોવું પડશે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજ્યના પોલીસ વડા કાયમી હોવા જોઈએ જેથી સરકારને કાયમી પોસ્ટ ભરવા કહેવું પડશે.

ગુજરાત ભાજપે એવી માગણી કરી છે કે ચૂંટણી સમયમાં ઉદ્યોગપતિઓ અને સ્થાનિક વેપારીઓને બિનજરૂરી હેરાન કરવામાં આવે છે તે થવા ન જોઈએ. ચૂંટણી પંચને રજૂઆત કરવા કૌશિક પટેલ, પરિન્દુ ભગત અને શંકરભાઈ ચૌધરી ગયા હતા.